**CRIMINAL CASE NO.3532-2023**

**// આંક –1 નીચે હુકમ //**

(૧) હાલના કેસમાં આરોપી સામે પોલીસ તપાસ બાદના ચાર્જશીટ આધારે પ્રોસેસ ઈસ્યુ થયેલ. જેથી કાયદા પ્રમાણે આરોપી સામેની ન્યાયીક કાર્યવાહી સમન્સ કેસ મુજબની ચાલવા પાત્ર છે. સદર કેસનું રેકર્ડ તેમજ કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ છે અને આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પડતર છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી. પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજ્ય – 2002(2) જી.એલ.આર.પાના નં. 1549 ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સવોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશશ્રીઓની ખંડપીઠે ઠરાવેલ છે કેThe criminal court should exercise their available powers such as those under section 309, 311, 258 of the code of criminal procedure, 1973 to effectuate the right to speedy trial” આ ઉપરાંત હાઈકોર્ટના પત્ર નં. 2917/2006 તા. 17/10/2006 માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષા હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ– 258 અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરે. આથી, કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષા હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય અને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ

ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૨૮૧ ની જોગાવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // **આખરી હુકમ** //

(૧) આ કામના આરોપીની સામેના કેસની કાર્યવાહી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૮૧ અન્વયે સ્થગિત કરવામા આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમા જો આરોપી જો નજીકના ભવિષ્યમા મળી આવે તો ફરીયાદપક્ષ કેસ રી–ઓપન કરાવી શકશે.

(૨) આ કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીતેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો અને જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામા આવે છે. આ કામે આરોપીએ જો રોકડ રકમ જમા કરાવેલ હોય તો તે સરકાર ખાલસા કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ મી,માહે,જુલાઈ,સને ૨૦૨૬ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

તારીખઃ– ૧૧/૦૭/૨૦૨૬ (અશ્વિન છગનભાઈ સખિયા)

સ્થળઃ– ડીસા. ચોથા અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ડીસા.
U.I.CODE GJ 01418